GJJN030001412026

દાખલ તારીખ : ૩૦/૦૩/૨૦૨૬
રજી.તારીખ : ૩૦/૦૩/૨૦૨૬
ફેસલ તારીખ : ૦૭/૦૮/૨૦૨૬
અવધિ : ૦૦ વર્ષ ૦૪ માસ ૦૮ દિવસ
આંક–

**નમુનો – અ**

सत्यमेव जयते

# મહે. મેંદરડાના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.શ્રીની કોર્ટ, મુ. મેંદરડા,

## ચુકાદાની તારીખ ૦૭/૦૮/૨૦૨૬
## ફોજદારી કેસ નં. ૭૧/૨૦૨૬

### ગુન્હાની વિગત

| | |
|---|---|
| ગુન્હાની કલમ | બી.એન.એસ. કલમ – ૧૧૫(૨), ૨૯૬(બી),૩૨૪(૪),૫૪ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ નં. | ૧૧૨૦૩૦૩૯૨૫૦૩૯૫/૨૫ |
| પોલીસ સ્ટેશન | મેંદરડા પોલીસ સ્ટેશન |
| ફરીયાદ પક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષ તરફે વિ.વ. શ્રી | વિ. એ.પી.પી. શ્રી કે.બી. ટાંક |
| આરોપી પક્ષ | (૧) વિજયભાઇ હમીરભાઇ કરમુર<br>ઉ.વ. ૫૧, ધંધો – ખેતી,<br>રહે. વણઝારી ચોક, જુનાગઢ,<br>(૨) કરણભાઇ વિજયભાઇ કરમુર<br>ઉ.વ. ૨૨, ધંધો – ખેતી,<br>રહે. વણઝારી ચોક, જુનાગઢ, |
| આરોપી તરફે વિ.વ.શ્રી | પી.પી. સારીયા |

**–:નમુનો–બ:–**

-

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૩/૧૨/૨૦૨૫ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૧૩/૧૨/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૦૧/૦૬/૨૦૨૬ |

| | |
|---|---|
| પુરાવો શરુ થયાની તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૭/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | |

## -:આરોપીની વિગત:-

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ શું નિર્દોષ/ દોષ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ/ દોષ | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાતનો સમયગાળો ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ - ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિજયભાઇ હમીરભાઇ કરમુર | ૧૪/૧૨/૨૫ ના રોજ નોટીશ આપેલ છે. | - | બી.એન.એસ. કલમ - ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૨૪(૪), ૫૪ તથા જી.પી. એકટની કલમ - ૧૩૫ મુજબ | નિર્દોષ | -- | -- |
| ૨ | કરણભાઇ વિજયભાઇ કરમુર | '' | '' | '' | '' | '' | '' |

## -:નમુનો-ક :-
## -: સાહેદોનું લીસ્ટ :-

**<u>અ. ફરીયાદ પક્ષ તરફે સાહેદો :-</u>**

| **ક્રમ** | **આંક** | **નામ** |
|---|---|---|
| પી.૧ | ૧૦ | ફરીયાદી વિનીતભાઇ અરુણભાઇ જાદવની જુબાની |

## -: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :-

**<u>અ.ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ દસ્તાવેજો</u>**

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ડી.૧ | ૧૧ | અસલ ફરીયાદ |
| ડી.૨ | ૧૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ડી.૩ | ૧૩ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું |
| ડી.૪ | ૧૪ | ફરીયાદીનું મેડીકલ સર્ટીફીકેટ |
| ડી.૫ | ૧૫ | જાહેરનામું |

| | | |
|---|---|---|
| ડી.૬ | ૧૬ | કલોઝીંગ પુરસીસ |

## <u>-: ચુકાદો :-</u>

**(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંક હકીકત :-** આ કામના આરોપીઓએ ગઈ તા. ૧૩/૧૨/૨૦૨૫ ના બપોરના આશરે ૧૨/૦૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદી તથા સાહેદ નં. ૬ નાઓ મેંદરડા પાદરચોક ખાતે પોતાની ગાડી નં. જી.જે.૧૧-સી.ડી. ૪૭૫૦ ઉભેલ હતી ત્યારે આ કામના આરોપીઓએ અહીયા ગાડી કેમ પાર્ક કરેલ છે તેમ કહી ફરીયાદીને ભુંડી ગાળો કાઢી, શરીરે ઢીકાપાટુનો માર મારી, આરોપી નં. ૨ નાઓએ લોખંડના પાઇપ વડે મુંઢ ઈજા કરી તથા લાકડી વડે ફરીયાદીની ગાડીના કાચ તોડી નુકશાન કરી એકબીજાની મદદગારી કરી મહે. જીલ્લા મેજી. સા. ના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ છે.

**(૨) ફરીયાદ અનુસંધાને પોલીસ કાર્યવાહી :-** ફરીયાદીની ફરીયાદ અનુસંધાને આરોપીઓ વિરુધ્ધ મેંદરડા પોલીસ સ્ટેશન ધ્વારા ગુના રજી. નં. ૧૧૨૦૩૦૩૯૨૫૦૩૯૫/૨૫ થી બી.એન.એસ. કલમ - ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૨૪(૪) તથા જી.પી. એકટની કલમ - ૧૩૫ મુજબનો ગુનો નોંધી અન્વેષણ કરવામાં આવેલ. પોતાના અન્વેષણ દરમ્યાન તપાસનીશ અધિકારી ધ્વારા સાહેદોના નિવેદનો નોંધી, જરુરી પંચનામા કરી, આરોપીઓ વિરુધ્ધ કાનુની કાર્યવાહી કરવા પુરતો પુરાવો જણાતા, આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરેલ.

**(૩) ગુનાનું સંજ્ઞાન અને તહોમતનામું :-** આરોપીઓ વિરુધ્ધ કરવામાં આવેલ ચાર્જશીટ આધારે આરોપીઓને કોર્ટમાં હાજર રહેવા માટે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ. જે પ્રોસેસ આરોપીઓને બજી જતા આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપિસ્થત થયેલ. આરોપીઓ કોર્ટ સમક્ષ્ ઉપિસ્થત થતા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ - ૨૩૦

મુજબ પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓને વિચારવાનો પુરતો સમય આપ્યા બાદ આરોપીઓની પ્લી આ કામે આંક – ૦૪ અને ૦૫ થી રેકર્ડ કરવામાં આવેલ છે જેમાં તેઓને ગુનો કબુલ છે કે કેસ આગળ ચલાવવા માંગે છે તેમ પુછતા આરોપીઓએ ગુનો કબુલેલ નહી અને પોતાની વિરુધ્ધનો કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવેલ.

(૪) **પ્રોસીકયુશનનો પુરાવો :–** ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નમુના 'ક' મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરેલ.

(૫) **આરોપીનું વિશેષ નિવેદન :–** ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કર્યા બાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ – ૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) **દલીલો :–** ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એપીપીશ્રીની મૌખિક રજુઆતો ધ્યાને લીધી તથા બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની મૌખિક દલીલો કરેલ છે, જે ધ્યાને લીધી.

(૭) ત્યારબાદ કોર્ટ સમક્ષનો ફરીયાદ પક્ષનો કેસ ધ્યાને લઇ નીચે મુજબના મુદ્દા અત્રેની કોર્ટના ન્યાયીક નિર્ણય માટે ઉપિસ્થત થયેલા.

| **–: મુદ્દા :–** | |
|---|---|
| ૧ | શું ફરીયાદ પક્ષ વાજબી શંકા રહીત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઇ તા. ૧૩/૧૨/૨૦૨૫ ના બપોરના આશરે ૧૨/૦૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદી તથા સાહેદ નં. ૬ નાઓ મેંદરડા પાદરચોક ખાતે પોતાની ગાડી નં. જી.જે.૧૧–સી.ડી. ૪૭૫૦ ઉભેલ હતી ત્યારે આ કામના આરોપીઓએ અહીયા ગાડી |

| | |
|---|---|
| | કેમ પાર્ક કરેલ છે તેમ કહી ફરીયાદીને ભુંડી ગાળો કાઢી, શરીરે ઢીકાપાટુનો માર મારી, આરોપી નં. ૨ નાઓએ લોખંડના પાઇપ વડે મુંઢ ઈજા કરી તથા લાકડી વડે ફરીયાદીની ગાડીના કાચ તોડી નુકશાન કરી એકબીજાની મદદગારી કરી મહે. જીલ્લા મેજી. સા. ના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી, બી.એન.એસ. કલમ – ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૨૪(૪), ૫૪ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| ૨ | શું હુકમ ? |

**(૮) મુદ્દાઓના નિર્ણય**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**(૯) નિર્ણય માટેના કારણો :–**

**મુદ્દા નં. ૧ :–**

(૯.૧) ફરીયાદ પક્ષે રજુ પુરાવાનું મુલ્યાંકન કરતા અગાઉ ફરીયાદ પક્ષે રજુ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદ પક્ષે આંક – ૧૦ થી ફરીયાદી વિનીતભાઇ અરુણભાઇ જાદવ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, ગત તા. ૧૩/૧૨/૨૦૨૫ ના રોજ તેઓ તથા તેઓનો મિત્ર બ્રિજેશ તેની ફોરવ્હીલ ગાડી નં. જી.જે. ૧૧–સી.ડી. ૪૭૫૦ ની લઇને બપોરના બારેક વાગ્યાના અરસામાં મેંદરડા પાદરચોકમાં ફોરવ્હીલ ગાડી રોકીને ઉભેલ હતા અને તેઓનો મિત્ર બ્રિજેશ રોનક પાન પાસે માવો લેવા માટે ગયેલ અને ટુ વ્હીલ ગાડી લઇને ઉભેલ હતો ત્યારે તેઓની ગાડીની પાસે એક ફોરવ્હીલ પાર્ક કરેલ હોય તેણે તેઓને તેઓની ગાડી લઇ લેવા માટે કહેલ જેથી તેઓએ કહેલ કે તેઓનો મિત્ર આવે એટલે ગાડી લઇ લવ તેવુ કહેતા આ ફોરવ્હીલવાળા વિજયભાઇ તેઓની સાથે બોલાચાલી કરવા લાગેલ. ત્યારબાદ તેનો દિકરો અને પત્ની પણ ત્યાં આવી જતા તેઓ પણ તેઓની સાથે બોલાચાલી કરવા લાગેલ. આ

બોલાચાલી થતા સ્થળ પર લોકો એકઠા થઇ જતા ધકકા મુકકી થતા તેઓને સામાન્ય ઈજા થયેલી. ત્યારબાદ તેઓનો મિત્ર બ્રિજેશ પણ ત્યાં આવી જતા આરોપીઓ તેની સાથે પણ બોલાચાલી કરવા લાગેલ અને તેને પણ લોકોમાંથી કોઇનો ધકકો લાગતા સામાન્ય ઈજા થયેલી, લોકો એકઠા થઇ જતા બાજુમાંથી ટ્રક નીકળતા રોડ પર પડેલ પથ્થર ટ્રકમાં આવી જતા છટકતા તેઓની કારમાં લાગેલ જેથી તેઓની ગાડીનો કાચ તુટી ગયેલ. તેઓને સામાન્ય ઈજાઓ થતા તેઓને દુ:ખાવો થતો હોય મેંદરડા સરકારી દવાખાનામાં સારવાર લીધેલી અને આ અંગેની તેઓએ ફરીયાદ આપેલી, જે આંક – ૧૨ થી રજુ થયેલ છે.

સદર ફરીયાદી તેમની ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એપીપીશ્રી ધ્વારા તેમને ફરી ગયેલ સાહેદ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. સદર ફરીયાદી બચાવ પક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી અને તેઓની વચ્ચે માત્ર બોલાચાલી થયેલી, આરોપીએ તેઓને કોઇ ગાળો આપેલ નહી, તેઓને કહેવાતી ઈજાઓ પડી જતા થયેલી છે, આરોપીના હાથમાં કોઈ હથિયાર હતુ નહી. તેઓની ગાડીનો કાચ ટ્રક નીચે આવેલા પથ્થર છટકતા તુટી ગયેલ. વધુમાં સ્વીકારેલ છે કે, તેઓની ગાડીનો કાચ તુટી જતા અને તેઓને લોકો ભેગા થઇ જતા ધકકા મુકકીમાં ઈજા થતા તેઓએ હાલની ફરીયાદ આપેલી.

**<u>પુરાવાનું મુલ્યાંકન :–</u>**

**(૧૦)** આમ ફરીયાદ પક્ષનો ઉપરોકત રજુ થયેલ સંપુર્ણ પુરાવો વંચાણે લેવામાં આવે તો, સદર કામે બનાવના મહત્વના સાહેદ ફરીયાદીએ આંક – ૧૦ થી રજુ થયેલ તેમના સોગંદ ઉપરના પુરાવામાં ફરીયાદ હકીકતને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી અને ફરી ગયેલ સાહેદ જાહેર થયેલ છે, વધુમા તેઓ અને આરોપી વચ્ચે માત્ર સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું તેમજ આરોપીએ કોઇ ગાળો આપેલ ન

હોવાનું અને તેઓને પડી જવાથી ઈજા થયેલ હોવાની અને આરોપીના હાથમાં કોઇ હથિયાર હતુ નહી તેવી હકીકત જણાવેલ છે, વધુમાં ટ્રક નીચે આવેલો પથ્થર છટકતા તેઓની ગાડીનો કાચ તુટી ગયેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે, જેથી સદર કામે રજુ થયેલ ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા, બનાવની હકીકતને સમર્થન કરતો પુરાવો રજુ થયેલ નથી, જેથી સદર કામે ફરીયાદીની ફરીયાદ મુજબ આ કામના આરોપી ધ્વારા તેમને ભુંડી ગાળો બોલેલ હોય અને લોખંડના પાઇપ વડે મુંઢ ઈજા કરી અને લાકડી વડે તેઓની ગાડીના કાચ તોડી નાંખેલ હોય તેવી હકીકતને સમર્થનકારી પુરાવો જેવો કે આરોપી ધ્વારા આપવામાં આવેલ ગાળોના શબ્દો શું હતા અને તે કેવા પ્રકારની ગાળો હતી તેમજ તેઓ ફરીયાદીને થયેલ ઈજા અંગેના મેડીકલ સર્ટીફીકેટને પુરવાર કરવા કોઇ ડોકટર સાહેદનો પુરાવો રેકર્ડ કરાયેલ હોય તેવી હકીકત જણાય આવતી નથી. વધુમાં ફરીયાદીની ગાડીમાં જે નુકશાની થયેલ હતી તે કેવા પ્રકારની નુકશાની હતી અને કેટલા રુપિયાની નુકશાની થયેલ હતી તે બતાવતો કોઇ સ્પષ્ટ પુરાવો ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ નથી. જેથી સદર કામે રજુ થયેલ પુરાવાથી આ કામના આરોપી ધ્વારા આક્ષેપીત ગુનો કરેલ હોય તેવી હકીકત નિ:શંકપણે સાબીત કરતો કોઇ પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલ નથી. વધુમાં સદર કામે આંક – ૧૨ થી બનાવવાળી જગ્યાનું પંચનામું અને આંક – ૧૩ થી હથિયાર કબજે કર્યાનું અને અટક પંચનામાને બચાવ પક્ષની સંમતિથી આંક પડેલ છે, સદર કામે રજુ પંચનામાની હકીકતને પુરવાર કરવા માટે પંચસાહેદનો પુરાવો રેકર્ડ કરાયેલ નથી. જેથી તેવા દસ્તાવેજોને પુરાવામાં ગ્રાહય રાખવાનું કોઇ કારણ રહે નહી. વધુમાં તપાસ કરનાર અમલદાર ધ્વારા ભારતીય નાગરીક સુરક્ષાની નવી કાયદાકીય જોગવાઇ અનુસાર ઇ–સાક્ષ્ય એપ્લીકેશન મારફત પંચનામું કરેલ તે અંગેનું સર્ટીફીકેટ રજુ રાખેલ છે, જે સર્ટીફીકેટમાં હેસ વેલ્યુ દર્શાવેલ છે. તે હકીકત છે કે, સદર કામે પંચસાહેદને તપાસેલ નથી જેથી પંચનામાના તત્વો પુરવાર થયેલ નથી. પરંતુ એ હકીકત છે કે,

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કાયદાકીય જોગવાઈ અનુસાર આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ જે તે સમયે પંચનામા કરતી વખતે તે બાબતનું ઓડીયો વીડીયો રેકોર્ડીંગ કરેલ છે અને તે અન્વયેનું પાર્ટ–એ પ્રમાણપત્ર પણ આ કામે રજુ રાખવામાં આવેલ છે તે અંગે રજુ કરેલ પુરાવાની ચર્ચામાં ઉતરતા પહેલા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો,

**<u>કલમ – ૧૦૫ ઝડતી અને જપ્તીની કાર્યવાહીનું ઈલેકટ્રોનીક માધ્યમથી ઓડીયો વિડીયો રેકોર્ડીંગ કરવા બાબત.</u>**

આ પ્રકરણ હેઠળ અથવા કલમ – ૧૮૫ હેઠળ સ્થળની શોધ કરવાની અથવા કોઈપણ મિલકત, લેખ અથવા વસ્તુનો કબજો લેવાની પ્રક્રિયા, જેમાં આવી શોધ અને જપ્તી દરમિયાન જપ્ત કરવામાં આવેલી તમામ વસ્તુઓની સુચિ તૈયાર કરવા અને આવી સુચિ પર હસ્તાક્ષર કરવાનો સમાવેશ થાય છે. સાક્ષીઓ ધ્વારા, કોઈપણ ઓડીયો વિડીયો ઈલેકટ્રોનીકસ માધ્યમથી પ્રાધાન્યમાં મોબાઈલ ફોન ધ્વારા રેકોર્ડ કરવામાં આવશે અને પોલીસ અધિકારી આવા રેકોર્ડીંગને જીલ્લા મેજીસ્ટ્રેટ, સબ–ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અથવા પ્રથમ વર્ગના ન્યાયીક મેજીસ્ટ્રેટને વિલંબ કર્યા વિના મોકલશે.

**<u>કલમ – ૧૭૬(૩) પોલીસ તપાસ માટેની કાર્યરીતિ:–</u>**

સાત વર્ષ કે તેથી વધુ સમય માટે સજાપાત્ર બનેલા ગુનાને લગતી દરેક માહીતીની પ્રાપ્તી પર, પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી, એવી તારીખથી, જે પાંચ વર્ષના સમયાગાળામાં સુચિત કરવામાં આવે, રાજય સરકાર આ સંદર્ભે, ગુનામાં ફોરેન્સીક પુરાવા એકત્ર કરવા માટે ફોરેન્સીક નિષ્ણાંતને ગુનાના સ્થળની મુલાકાત લેવાનું અને મોબાઈલ ફોન અથવા અન્ય કોઈપણ ઈલેકટ્રોનીક ઉપકરણ પર પ્રક્રિયાની વિડીયોગ્રાફી કરાવવા જોઈશે.

જો. કે. જયાં સુધી આવા કોઈપણ ગુનાના સંદર્ભમાં ફોરેન્સીક સુવિધા ઉપલબ્ધ ન હોય, ત્યાં સુધી રાજય સરકાર, જયાં સુધી તે બાબતના સંદર્ભમાં સુવિધા રાજયમાં વિકસીત અથવા બનાવવામાં ન

આવે ત્યાં સુધી, અન્ય કોઈપણ રાજયની આવી સુવિધાના ઉપયોગની સુચના કરશે.

વધુમાં ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ – ૬૩(૪)(સી) ની જોગવાઈ ધ્યાને લેતા, (૪) કોઈપણ કાર્યવાહીમાં આ કલમની રુએ, પુરાવામાં કોઈ નિવેદન આપવાની ઈચ્છા વ્યકત કરવામાં આવેલ હોય, ત્યાં નીચે જણાવેલી બાબતો એક પ્રમાણપત્ર ઈલેકટ્રોનીક રેકોર્ડ સાથે દાખલ કરવામાં આવશે જયાં તે કબુલાત માટે દાખલ કરવામાં આવે છે, એટલે કે કહેવાનું કે,

ક. તે નિવેદનનો સમાવેશ કરતી ઈલેકટ્રોનીક રેકર્ડની ઓળખ આપતુ અને તે કઈ રીતે ઉત્પન્ન કરવામાં આવ્યુ તે સ્પષ્ટ કરતુ.

ખ. તે ઈલેકટ્રોનીક રેકર્ડના ઉત્પાદનમાં સંડોવાયેલ કોઈ ડિવાઈસ(સાધન) ની વિગતો આપતુ કે જે, પેટા કલમ (૩) ની કલોઝ (ક) થી (ચ) માં ઉલ્લેખીત કમ્પ્યુટર અથવા સંદેશા વ્યવહારના સાધન ધ્વારા ઈલેકટ્રોનીક રેકર્ડનું ઉત્પાદન કરવામાં આવ્યુ છે તેમ દર્શાવવાના હેતુ માટે યોગ્ય હોય.

ગ. પેટા કલમ – (૨) માં જણાવેલ શરતોને લગતી કોઈપણ બાબતોનું સ્પર્શતુ, અને કોમ્પ્યુટર અને સંદેશાવ્યવહારના સાધન અથવા સંબંધક ડીવાઈસ(સાધન) ની કામગીરી અથવા સંબંધક પ્રવૃતિઓના સંચાલક (કે જે કોઈ યોગ્ય હોય) ના સંબંધમાં જવાબદાર સતાવાર સ્થાવ ધરાવતી વ્યકિત ધ્વારા સહી કરેલુ જણાતુ, પ્રમાણપત્રમાં જણાવેલ કોઈ બાબતનો પુરાવો રહેશે, અને આ પેટા–કલમના હેતુઓ માટે અનુસુચિમાં દર્શાવેલ પ્રમાણપત્રમાં તે બાબત માટે તે જણાવતી વ્યકિતની ઉતમ જાણ અને માન્યતા મુજબ એ જણાવ્યુ હોવાનું પુરતુ રહેશે.

ઉપરોકત ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ – ૬૩(૪)(સી) ની જોગવાઈઓ તથા તે જ કાયદામાં દર્શાવેલ શીડયુલ અન્વયે રજુ પાર્ટ જે કિસ્સામાં ગૌણ પુરાવો રજુ થતો હોય ત્યારે પાર્ટ એ. અને પાર્ટ બી. મુજબના પ્રમાણપત્ર રજુ કરવાના થતા હોય છે.

પરંતુ આ કામે જે કાયદામાં દર્શાવ્યા મુજબ ઈલેકટ્રોનીક એવીડન્સ સાથે બે પ્રમાણપત્ર રજુ થયેલ નથી. તેમજ પાર્ટ એ. મુજબનું પ્રમાણપત્ર જે રીતે કાયદાના શીડયુલમાં દર્શાવેલ છે તે મુજબનું જણાય આવતુ નથી. જેથી જયારે પાર્ટ બી. નું પ્રમાણપત્ર આ કામે રજુ થયેલ ન હોય, ત્યારે તે પુરાવો ગ્રાહય રહેતો નથી. વધુમાં આ કામે ફરીયાદ પક્ષ તરફથી પંચનામાને બચાવ પક્ષની સંમતિથી આંકે પડાવી રજુ કરવામાં આવેલ હોય જે કાયદાકીય જોગવાઈ અન્વયે પુરવાર કરવામાં આવેલ નથી. તેમ છતાં આ કામે રજુ વીડીયો રેકોર્ડીંગ સ્વરુપના પંચનામા પુરાવાને માની લેવામાં આવે તો પણ તે સમર્થનકારક સ્વરુપનો પુરાવો છે. હાલના કેસમાં આ કામના આરોપી ધ્વારા ફરીયાદીને ભુંડી ગાળો કાઢી, શરીરે ઢીકાપાટુનો માર મારી, આરોપી નં. ૨ નાઓએ લોખંડના પાઈપ વડે મુંઢ ઈજાઓ કરી તથા લાકડી વડે ફરીયાદીની ગાડીના કાચ તોડી નુકશાની કરેલ  હોય, તેવી હકીકત સાબીત કરતો કોઈ સબસ્ટેન્સીવ/મુખ્ય પુરાવો રજુ થયેલ નથી, ત્યારે તેવા સબસ્ટેન્સીવ પુરાવાના અભાવે માત્ર ઉપરોકત જણાવેલ પંચનામારુપી સમર્થનકારક પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર જયારે આરોપીને ગુનામાં સંડોવણી સાબીત કરતો મુખ્ય પુરાવો રજુ થયેલ ન હોય ત્યારે માત્ર સમર્થનકારક પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

આમ ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓથી આ કામના આરોપીઓએ ગઈ તા. ૧૩/૧૨/૨૦૨૫ ના બપોરના આશરે ૧૨/૦૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદી તથા સાહેદ નં. ૬ નાઓ મેંદરડા પાદરચોક ખાતે પોતાની ગાડી નં. જી.જે.૧૧-સી.ડી. ૪૭૫૦ ઉભેલ હતી ત્યારે આ કામના આરોપીઓએ અહીયા ગાડી કેમ પાર્ક કરેલ છે તેમ કહી ફરીયાદીને ભુંડી ગાળો કાઢી, શરીરે ઢીકાપાટુનો માર મારી, આરોપી નં. ૨ નાઓએ લોખંડના પાઈપ વડે મુંઢ ઈજા કરી તથા લાકડી વડે ફરીયાદીની ગાડીના કાચ તોડી નુકશાન કરી એકબીજાની

મદદગારી કરી મહે. જીલ્લા મેજી. સા. ના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી, બી.એન.એસ. કલમ –૧૧૫(૨), ૨૯૬(બી), ૩૨૪(૪),૫૪ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત શંકા રહીત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**(એ)** આ કામના આરોપી નં. (૧) વિજયભાઇ હમીરભાઇ કરમુર ઉ.વ. ૫૧, ધંધો – ખેતી, રહે. વણઝારી ચોક, જુનાગઢ, (૨) કરણભાઇ વિજયભાઇ કરમુર ઉ.વ. ૨૨, ધંધો – ખેતી, રહે. વણઝારી ચોક, જુનાગઢનાઓને તેઓ વિરુધ્ધ આક્ષેપીત બી.એન.એસ. કલમ – ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૨૪(૪), ૫૪ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનાના આરોપમાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ – ૨૭૧(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(બી)** આરોપીઓએ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ – ૪૮૧ અન્વયે અપીલ સમય સુધીના દરેકે રુ. ૧૦,૦૦૦/– (અંકે રુપિયા દસ હજાર પુરા) ના જામીન આપવા.

**(સી)** આ કામે કબજે કરેલ મુદ્દામાલ અંગે અગાઉ કરેલ વચગાળાનો હુકમ કાયમ રાખવો તથા અન્ય બિન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૭મી માહે – ઓગષ્ટ, સને – ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૭/૦૮/૨૦૨૬
મેંદરડા

(જે.બી. પુરોહીત)
જયુડી. મેજીસ્ટ્રેટ,ફ.ક.
મેંદરડા
**જી.જે.૦૧૧૮૫**